INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧-૧૧-૨૦૨૨

- **કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત ગુજરાતના પાંચ ઝોનમાં "પરિવર્તન સંકલ્પ યાત્રા" ને ગુજરાતની જનતાનો અભૂતપૂર્વ પ્રતિસાદ**

ત્રણ દાયકા જેટલા સમયથી ભાજપના કુશાસન, ખોટી નીતિ અને અણઘડ વહિવટથી ગુજરાતની પ્રજા ત્રાહિમામ પોકારી ગઇ છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત ગુજરાતના પાંચ ઝોનમાં "પરિવર્તન સંકલ્પ યાત્રા" ને ગુજરાતની જનતાનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. મોંઘવારી, બેરોજગારી, અને કથળતી કાયદો વ્યવસ્થાના પ્રાણ પ્રશ્નો "પરિવર્તન સંકલ્પ યાત્રા" દરમિયાન લોકોએ રજુ કર્યા હતા. કોંગ્રેસ પક્ષને યાત્રાના પ્રથમ દિવસથી જ ગુજરાતની જનતાનો જનઆશીર્વાદ મળી રહ્યો છે. કચ્છ ભુજથી શરુ થયેલી યાત્રામાં સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી રામકિશન ઓઝાજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ શ્રી લલીતભાઇ કગથરા, પ્રદેશ મહામંત્રીશ્રી વી.કે. હુંબલ, ઓબીસી પ્રમુખ ઘનશ્યામભાઇ ગઢવી તથા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં જિલ્લા મથક ભુજ મતે ભવ્ય રેલી સાથે આશાપુરા મંદિર ભુજથી પ્રારંભ કરાયો હતો.

સમાજના તમામ વર્ગો પોતાના અસ્તિત્વ માટે લડાઇ લડી રહ્યાં છે. ભ્રષ્ટાચાર, મોંઘવારી અને બેરોજગારીના નાગરિકોનું જીવન અસહ્ય બન્યું છે ત્યારે **ગુજરાતની પ્રજા ભાજપના કુશાસનથી મુક્તિ મેળવવા કોંગ્રેસની સરકાર બનાવવા જનઆશીર્વાદ** આપી રહી છે. ઉત્તર ગુજરાતના ચોમેરથી પ્રજામાં કોંગ્રેસની વડગામથી શરુ થયેલી પરિવર્તન સંકલ્પ યાત્રા જોડાઇ હતી. જેનુ પ્રસ્થાન રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી અને કોંગ્રેસપક્ષના સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, એ.આઇ.સી.સી.ના મંત્રી અને સહપ્રભારીશ્રી વિરેન્દ્રસિંહ રાઠોડ, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, કાર્યકારી પ્રમુખશ્રી જીજ્ઞેશ મેવાણી, વિધાનસભા દંડકશ્રી સી.જે. ચાવડા, એ.આઇ.સી.સી.ના પૂર્વ મહામંત્રીશ્રી મધુસુદન મિસ્ત્રી, રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તા ઉપસ્થિત રહી યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. જંબુસરથી શરુ થયેલી યાત્રામાં એ.આઇ.સી.સી. સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટના ચેરમેનશ્રી સુપ્રિયા શ્રીનેતજી, એ.આઇ.સી.સી. મંત્રી અને સહપ્રભારીશ્રી બી.એમ. સંદીપ, પૂર્વ કેન્દ્રિય મંત્રીશ્રી ડો. તુષાર ચૌધરી, પ્રદેશના કાર્યકારી અધ્યક્ષશ્રી શ્રી કદીર પિરઝાદા ઉપસ્થિત રહી યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. સોમનાથથી શરુ થયેલી યાત્રામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુન મોઢવાડિયા, ગુજરાત વિધાનસભાના પૂર્વ વિપક્ષ નેતાશ્રી પરેશ ધાનાણી, ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષશ્રી અમરિષ ડેર, શ્રી ઋત્વિક મકવાણા ઉપસ્થિત રહી યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો

**દિન પ્રતિદિન આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં તોતીંગ વધારો, કથળેલી સ્વાસ્થ્ય સુવિધાઓ તેમજ કાયદો અને વ્યવસ્થાની ખાડે પડેલી પરિસ્થિતિમાં ગુજરાતની પ્રજા આ કુશાસનથી મુક્તિ મેળવવા કોંગ્રેસની વિશાળ જનસંપર્ક યાત્રા** મધ્ય ગુજરાતના ફાગવેલથી શરુ થયેલી યાત્રામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતાશ્રી મોહનપ્રકાશજી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવા, એ.આઇ.સી.સી.ના મંત્રી અને સહપ્રભારી શ્રીમતિ ઉષા નાયડુ, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઇ પટેલ, શ્રી અમિત ચાવડા, રાજ્યસભાના સાંસદશ્રી નારણભાઇ રાઠવા ઉપસ્થિત રહી યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. **પરિવર્તન સંકલ્પ યાત્રામાં ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના શીર્ષ નેતૃત્વની હાજરીમા ભાજપના પૂર્વ સાસદ સભ્યશ્રી પ્રભાતસિહ**

**ચૌહાણ અને એન.સી.પી.ના પૂર્વ મહિલા જીલ્લા પ્રમુખ ડૉ. તસવીન સીંગ કોગ્રેસ પક્ષમા વિધીવત રીતે જોડાયા** હતા.

પરિવર્તન સંકલ્પ યાત્રામાં કોંગ્રેસ પ્રજાને આપેલા વચનોથી સંકલ્પ બધ્ધ છે. પરિવર્તન યાત્રા દરમિયાન કોંગ્રેસ પક્ષના સંકલ્પોને લોકો સુધી પોહચાડવામાં આવી રહ્યાં છે. કોંગ્રેસ પક્ષ પ્રત્યેક ગુજરાતીને ૧૦ લાખ સુધીની મફત સારવાર કરાવવાની જવાબદારી, દવાઑ વિનામૂલ્યે આપવામાં આવશે. ખેડૂતોનું ૩ લાખ સુધીનું દેવું માફ, વીજળી બિલ માફ, સામાન્ય વીજ વપરાશકારોને ૩૦૦ યુનિટ સુધી વીજળી મફત. ગુજરાતમાં ૧૦ લાખ સરકારી નોકરીઓમાં યુવાનોની ભરતી કરવામાં આવશે, ૫૦ ટકા નોકરીઓ ઉપર મહિલાઓનો અધિકાર રહેશે. સરકારી નોકરીઓમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ નાબૂદ થશે, બેરોજગાર યુવાનોને પ્રતિમાસ ૩૦૦૦ રૂપિયાનું બેરોજગારી ભથ્થું આપવામાં આવશે. દૂધ ઉત્પાદકો ને દરેક લિટરે ૫ રૂપિયાની સબસીડી આપવામાં આવશે, ગેસ સિલિન્ડર ૫૦૦ રૂપિયામાં આપવામાં આવશે. ગુજરાતમાં ૩૦૦૦ સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ ખોલવામાં આવશે અને દીકરીઓ માટે KG થી PG  સુધીનું  શિક્ષણ મફત આપવામાં આવશે. ૪ લાખ રૂપિયાનું કોવિડ વળતર આપવામાં આવશે. છેલ્લા ૨૭ વર્ષમાં જે જે ભ્રસ્ટ્રાચારો થયા છે તેની સ્ક્રૂટીની થશે, ભ્રષ્ટ્રાચાર વિરુદ્ધ કાયદો લાવવામાં આવશે અને ગુનેગારોને જેલમાં નાખવામાં આવશે. સરકારી કર્મચારીઓને અન્યાય કરતી નવી પેન્શન યોજનાને નાબુદ કરી જૂની પેન્શન યોજના ગુજરાતમાં લાગુ કરાશે. મનરેગાની યોજનાની જેમ શહેરી રોજગાર ગેરંટી યોજના, કુપોષણ નાથવા અને ગરીબ વર્ગના લોકોને પૌષસ્ટિક ભોજન મળી રહે તે માટે ઇન્દિરા રસોઈ યોજના લાગુ કરાશે. પરિવર્તન સંકલ્પ યાત્રાનું ઠેરઠેર સ્થાનિકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. યાત્રામાં મોટી સંખ્યામાં મહિલાઓ, યુવાનો, આગેવાનો, કોંગ્રેસના કાર્યકરતાઓ જોડાઇ આવનારી વિધાનસભામાં પરિવર્તન કરવા માટેનો સંકલ્પ લીધો હતો.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા